**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer

૩૧ જુલાઈ, ૨૦૨૦

**શ્રી પંકજ જોષી, (IAS)**
અધિક મુખ્ય સચિવશ્રી
નાણા વિભાગ
ગુજરાત રાજ્ય
ગાંધીનગર.

**વિષય: વેરા સમાધાન યોજના ૨૦૧૯ માં રાહત આપવા અંગે.**

માનનીય સાહેબશ્રી,

અમારા સભ્ય એસોસીયેશન - હોટલ રેસ્ટોરન્ટ એસોસીયેશન તરફથી અમને રજૂઆત પત્ર મળેલ છે જે આપની જાણ સારુ અત્રે બિડાણ કરેલ છે. પત્રમાં જણાવ્યા અનુસાર ગુજરાત સરકારના નાણા વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલ વેરા સમાધાન યોજના ૨૦૧૯ના હપ્તા ભરવા માટેની અંતિમ તારીખ ૩૧-૭-૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે. આપશ્રી જાણો છો તેમ હાલના સંજોગોમાં હોટલ રેસ્ટોરન્ટના ધંધાર્થીઓ માટે આ હપ્તો ભરવો એ વધારાના નાણાકીય બોજારૂપ છે. લૉકડાઉન ખૂલ્યા પછી પણ હજુ ધંધામાં પહેલા જેવી ઘરાકી આવી રહી નથી.

ઉપરોક્ત રજૂઆતને ધ્યાનમાં રાખી હપ્તા ભરવાની મુદતમાં વધારો કરી આપવામાં આવશે તો આ આર્થિક સંકડામણ સમયે વેપારીઓને ઘણી સહાયતા મળશે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**તન્મય મહેતા**
**સેક્રેટરી જનરલ**

બિડાણ : ઉપર મુજબ

# HOTEL RESTAURANT ASSOCIATION
GUJARAT

તા. ૨૯.૦૭.૨૦૨૦

GCCI
30 JUL 2020
Inw. No. 973

પ્રતિ શ્રી
પ્રમુખ શ્રી
ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી
આશ્રમ રોડ
અમદાવાદ.

માનનિય સાહેબ શ્રી

**વિષય : ગુજરાત સરકાર તરફથી વેરા સમાધાન યોજના ૨૦૧૯ માં રાહત બાબતે**

જય ભારત સાથે વિનંતી થી જણાવવાનું કે અમો હોટલ એન્ડ રેસ્ટોરંટ એસોસિએશન ગુજરાત - ગુજરાતની એકમાત્ર સર્વોચ્ચ સંસ્થા છે કે જે રાજ્ય સ્તરે તેમજ કેન્દ્રીય સ્તરે ગુજરાતમાં આવેલ હોટેલ અને રેસ્ટોરંટ બન્નેનું પ્રતિનિધત્વ કરે છે અને હોસ્પિટાલીટી ઇન્ડસ્ટ્રીને લગતી સમસ્યાનું સમાધાન લાવી અને હોટેલ અને રેસ્ટોરંટ નાં માલિકોને સચોટ માર્ગદર્શન આપે છે.

આગળ આપણે સૌ જાણીએ છે તેમ કોવિડ - ૧૯ નાં કહેર સમગ્ર વિશ્વમાં ફેલાયેલો છે અને આ મહામારી એ આપણા દેશની પણ સામજીક અને આર્થિક પરિસ્થિતીને ડામાડોળ કરી દીધેલ છે. તેમાં જો જોવા જઇએ તો આ મહામારી એ હોસ્પિટાલીટી ઇન્ડસ્ટ્રીની કમર તોડી નાખી છે કારણ કે તા. ૨૫ માર્ચ ૨૦૨૦ નાં રોજથી હાલ સુધી એટલે કે લોકડાઉન ખુલ્યા પછી પણ હોટલ અને રેસ્ટોરંટ માં કોઇ પણ પ્રકારનોં ધંધો છે નહિ અને હજી વધુ છ મહિનાં સુધી પરિસ્થતીમાં કાબુમાં આવે તેવુ લાગતુ નથી. અને આપણે સૌ જાણીએ તેમ હોસ્પિટાલીટી ઇન્ડસ્ટ્રી દ્વારા સૌથી વધુ રોજગારની તકો પુરી પાડવામાં આવે છે અને સરકાર શ્રી માંટે ટેક્ષ અથવા અન્ય મારફતે સૌથી વધુ આવક કરાવે છે.

આ આર્થિક નુકશાનને પહોચી વળવા કેન્દ્ર સરકાર શ્રી અને ગુજરાત સરકાર શ્રી એ વિવિધ યોજના તથા રાહતો જાહેર કરેલ છે. આ બધી રાહતો માંથી એક કે જેમાં ગુજરાત સરકાર નાં નાણા વિભાગ દ્વારા અગાઉ જાહેર કરવામાં આવેલ વેરા સમાધાન યોજના ૨૦૧૯ માં પ્રથમ 10% ની હપ્તા ની રકમ તથા 90% રકમ પૈકી નાં પ્રથમ હપ્તો કે જે એપ્રિલ ૨૦૨૦ માં આવતો હતો તેનાં માટેની અતિમ તારીખ ૩૧.૭.૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે.

અમે ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ અને ઇન્ડસ્ટ્રીને લેખીતમાં સરકાર શ્રી નાણા વિભાગને ને હોટલ અને ઇન્ડસ્ટ્રી તરફથી એક ભલામણ કરવા વિનંતી કરીએ છે કે જે હપ્તા માંટે સરકારે ૩૧.૦૭.૨૦૨૦ ની સમય મર્યાદા નક્કી કરી છે તે ૩૧.૧૦.૨૦૨૦ સુધી વધારી આપવા રજૂઆત કરે જેથી હોટલ અને રેસ્ટોરંટનાં જે કોઇ પણ સભ્યો એ તેનો લાભ લીધો છે તેમનું સંપૂર્ણ હિત જળવાઇ રહે અને આર્થિક સંકડામળની આ પરિસ્થતીનો સામનો કરી શકે. એટલે કે પ્રથમ ૧૦% ભરવા માંટે ની સમય મર્યાદા ૩૧.૧૦.૨૦૨૦ અને બાકીનાં ૯૦% પૈકી નો પ્રથમ હપ્તો ભરવાનો પ્રથમ મહિનો કે જે એપ્રીલ ૨૦૨૦ માં હતો તે હવે નવેમ્બર મહિના થી અગિયાર માસ માંટે ભરવા માંટે ની ગુજરાત સરકાર શ્રી નાં નાણા વિભાગને ભલામણ કરવા વિનંતી અમે અસોસિએશન વતિ કરીએ છીએ.

આપના સહકારની અપેક્ષા સાથે અમારી આ અરજીને ધ્યાન પર લઇ અને ઘટતુ કરવા વિનંતી.

હોટેલ એન્ડ રેસ્ટોરંટ એસોસિએશન ગુજરાત (વતિ)

નરેન્દ્ર સોમાણી
પ્રેસિડેન્ટ

802, Sapphire Complex, Opp. Ratnam, Nr. Maruti cargo Motors,
C. G. Road, Ahmedabad-380 006. Tel.: 2646 2961 Fax : 2646 2950